ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૩૫ ટકા

# ખાદ્યતેલ અને શાકભાજીના ભાવમાં ફરી વધારો

## ખાદ્યતેલમાં ૨૦ થી ૪૦ રૂપિયા અને શાકભાજીમાં ૧૦ થી ૨૦ રૂ. ભાવ વધારો થતા ગૃહિણીઓના બજેટ ખોરવાયા

ગાંધીનગર, તા.૨૨

શહેરીજનોને ફરીથી મોંઘવારીનો માર પડયો છે. ખાદ્યતેલના ભાવમાં ભડકો, શાકભાજીના ભાવમાં વધારો થવાથી સામાન્યવર્ગ ચિંતામાં મુકાયો છે. કપાસિયા, સીંગતેલ અને પામોલીન તેલના ભાવમાં વધારો થયો છે. જયારે શાકભાજીના ભાવમાં પણ મરચા, રીંગણ, ટામેટા, ભીંડાના ભાવમાં વધારો નોંધાયો છે.

એક જ દિવસમાં ખાદ્યતેલના ભાવોમાં ૨૦ રૂપિયાથી લઈને ૪૦ રૂપિયા સુધીનો વધારો થયો છે. સિંગતેલમાં ૪૦ રૂપિયાનો વધારો થયો છે તો એક જ દિવસમાં પામોલીન તેલમાં પણ ૩૦ રૂપિયાનો વધારો થયો છે. કપાસિયા તેલમાં પણ ૨૦ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. સિંગતેલના એક ડબ્બાનો ભાવ ૨૪૦૦ રૂપિયા નજીક પહોંચ્યો છે. કપાસિયા તેલના ડબ્બાનો ભાવ ૨૩૨૦ અને પામતેલના ડબ્બાનો ભાવ ૨૧૪૦ રૂપિયાએ પહોંચ્યો છે. પેટ્રોલ-ડિઝલ, ગેસ અને શાકભાજીના ભાવોમાં અધધ વધારા પછી ખાદ્યતેલના ભાવોમાં પણ સતત વધારો થતો રહ્યો છે. ત્યારે મધ્યમ વર્ગના પરિવારોએ હવે ઘર ચલાવવું મુશ્કેલ બની ગયું છે. કોરોનાકાળમાં થયેલા લોકડાઉનમાં આર્થિક માર સહન કર્યા પછી હવે જનતાને મોંઘવારીનો માર પણ સહન કરવો પડી રહ્યો છે. હવે ખાદ્યતેલ અને શાકભાજીના ભાવમાં વધારો થતા શહેરીજનોએ જાયે તો જાયે કહાં જેવી સ્થિતિનો અનુભવ થઈ રહ્યો છે. વેપારીઓના જણાવ્યા મુજબ સીંગતેલમાં હજુ ભાવ વધવાની શકયતા પુરેપુરી છે. સીંગતેલમાં સતત ભાવ વધારો થવાને કારણે હાલ સીઝનમાં શહેરીજનોને મોંઘા ભાવનું તેલ ખરીદવું પડી રહ્યું છે. બીજી બાજુ મગફળી અને કપાસની આવક હોલસેલ માર્કેટમાં ચાલુ છે. મધ્યમ વર્ગની મુશ્કેલીઓમાં એક પછી એક વધારો થતો જઈ રહ્યો છે. કોરોનાની મહામારીમાં પડેલા આર્થિક સંકટના મારમાંથી હજી તો જનતા માંડ બહાર આવી રહી હતી ત્યાં હવે મધ્યમ વર્ગ પર મોંઘવારીનો વધુ એક માર પડયો છે. ગૃહિણીઓનું બજેટ પણ ખોરવાઈ ગયું છે.





ખાદ્યતેલના ભાવ વધવાથી ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં પણ વધારો કરવામાં આવશે. હોટલ, રેસ્ટોરન્ટસ, ચોપાટી, વિગેરેમાં ભાવવધારાની અસર જોવા મળશે. કોરોનાકાળ બાદ શહેરીજનો મોટા પ્રમાણમાં બહારનું ફાસ્ટફૂડ ખાઈ રહ્યા છે. ખાદ્યતેલ અને શાકભાજીનો ભાવ વધવાથી આ તમામ સ્થળો પર અસર વર્તાશે.

શિયાળાની મોસમ વિદાય લઈ રહી છે અને ઉનાળાની ગરમી વર્તાવાનું શરૂ થઈ ચુકયું છે તેવામાં શાકભાજીની આવક ધીમે ધીમે ઓછી થતા માર્કેટમાં શિયાળુ શાકભાજી ઓછી થઈ રહી છે. જે શિયાળામાં તાજાતરો શાકભાજી વેચાતું હતું અને ગૃહિણીઓ તેની ખરીદી કરતી હતી તેવું લીલુંછમ અને ફ્રેશ શાક માર્કેટમાં ધીમે ધીમે ઓછું થઈ રહ્યું છે. સ્ટોરેજ કરેલા શાક માર્કેટમાં ગમે તે સમયે વેચાતા હોય છે. બારેમાસ અમુક શાકભાજી મળી રહેતા હોય છે ત્યારે ઉનાળાની શરૂઆતમાં જ શાકભાજીના ભાવ વધવાથી શાક ખાવું મોંઘું બની ગયું છે. રસોડાની સામગ્રીઓના ભાવ વધવાથી ગૃહિણીઓને રસોઈ માટેની સામગ્રી ખરીદતા પહેલા બજેટ સામે જોઈને ખરીદી કરવી પડશે તેવો વારો આવ્યો છે. સરકાર એક તરફ ભાવ ઓછો કરે તો બીજી તરફ એકાએક ભાવ વધારો કરી મુકતા ગરીબ પરિવારોમાં ખાવાના ફાંફાં થાય તેવા દિવસો આવી ગયા છે. મજુરી કરીને કમાણી કરતા ગરીબો માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવતા હોય છે. જેમને આ ભાવવધારો સૌથી વધારે નડતરરૂપ બની જાય છે.

## જન્મદિને વધામણી



**કનુભાઈ એસ દવે**
પ્રમુખ, માનવસેવા મંડળ
વક્તા, ગાંધીકથા
મો. ૭૮૭૮૩ ૨૨૬૬૩



**વાઘેલા જીતેન્દ્રસિંહ ઈશ્વરસિંહ**
રાજપુત સમાજ, ગાંધીનગર
મો. ૯૪૦૬૦૮૪૬૬૬



**રેસુંગ ચૌહાણ**
મો. ૯૯૭૮૮ ૯૪૨૮૯



**ભરતભાઈ પાઠક**
બાળ સાહિત્ય, લઘુકથા લેખક



આંગણવાડી ઘણા સમય બાદ ખુલતા નાના ભૂલકાઓને પ્રોત્સાહન મળી રહે અને એમનામાં અનેરાઆનંદનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે એમ.આર. શાહ, પ્રમોદભાઈ દવે, દવે કાકા અને ચંદ્રિકાબેન દ્વારા સેક્ટર-૩ અને ૬ ની આંગણવાડીઓમાં નાના ભૂલકાઓને બિસ્કીટ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.



ગાંધીનગરમાં અંડર ગ્રાઉન્ડ ગટરની વ્યવસ્થા ખુબ સારી છે પરંતુ ગટરલાઈન બહુ જુની હોવાથી વારંવાર ગટર ઉભરાવવાની સમસ્યા સર્જાય છે. સેકટર-૧૨માં સરકારી મકાનોની પાછળના ભાગે છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાઈ રહી છે. જેના કારણે અહીં ખુબ દુર્ગંધ ફેલાય છે. આ સમસ્યાના ઉકેલ માટે અવારનવાર પ્રયત્નો કરવામાં આવે છે પરંતુ આ સમસ્યા ઉકેલાતી નથી.



રંગોલી ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા પ્રિ-સ્કૂલના બાળકો માટે પિકનિક-ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ વિવિધ રમતો રમી અને પોતાના મિત્રો સાથે પોતે લાવેલા વિવિધ નાસ્તાઓનો આનંદ માણ્યો હતો.

## એસએસવી શાળામાં ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે સેમિનાર



ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર ખાતે આવેલી એસ.એસ.વી ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટેનો સેમીનાર યોજવામાં આવ્યો હતો. જેમાં ફિઝીક્સ વિષયના આશરે ૮ વર્ષનો અનુભવ ધરાવતા જસવિંદર તોમર, કેમેસ્ટ્રી વિષયના ૨૦ વર્ષનો અનુભવ ધરાવતા પૂરવ મોદી તેમજ શાળાના બાયોલોજી વિષય શિક્ષક ઘનશ્યામ ચૌધરીએ પ્રેક્ટિકલ પરીક્ષા તેમજ વાઈવા (મૌખિક પરીક્ષા) આપતી વખતે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ તે વિષે તેમજ પ્રેકટિકલ પરીક્ષામાં કેવી રીતે સારા ગુણ મેળવી શકાય તે વિષેનું માર્ગદર્શન આપવામાં આપ્યું હતું. જેમાં ૧૨ સાયન્સના લગભગ ૮૦ જેટલા વિદ્યાર્થીઓએ આ વિષેની માહિતી મેળવી હતી.

## સરકારી વાણિજય કોલેજ ખાતે રકતદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

સરકારી વાણિજ કોલેજ સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે ગાંધીનગર જિલ્લા રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી ગાંધીનગર સિવિલ દ્વારા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું. કોલેજના વિદ્યાર્થીઓ, એન.સી.સી અને એન.એસ.એસ ના વિદ્યાર્થીઓ, કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ કોલેજના સ્ટાફ દ્વારા રસ પૂર્વક રક્તદાન કરવામાં આવ્યું હતું. કોલેજના એન.એસ.એસ. કો-ઓર્ડીનેટર પ્રો. મનસુખ રાઠોડ તથા એન.સી.સી કો-ઓર્ડીનેટર ડૉ.બીપીન ખાંટે આ રક્તદાન શિબિર ને સફળ બનાવવા વિદ્યાર્થીઓને રક્તદાન અંગે માહિતી આપી પ્રોત્સાહિત કર્યા હતા અને વિદ્યાર્થીઓએ પણ પોતાની નૈતિક જવાબદારી સમજીને ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું. સામાજિક કાર્યકર એવા જીલુભા ધાંધલ તેમજ તેમની ટીમે પણ રક્તદાનના આ ઉમદા કાર્યમાં ભાગ લીધો હતો. રક્તદાન શિબિરને સફળ બનવવા કોલેજના તમામ સ્ટાફે સુચારુ રીતે આયોજન કર્યું હતું.



## શહેરમાં પ્રથમવાર ૨૭મીએ સ્માર્ટ કીડસ દ્વારા સાઈકલોથોન

ગાંધીનગર, તા.૨૨

૭૫માં આઝાદ ભારત મહોત્સવ અંતર્ગત ગાંધીનગરમાં સૌ પ્રથમવાર સાયકલ મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે. જે ગાંધીનગર મહાનગર પાલિકા, સ્માર્ટ કીડસ નર્સરી સ્કૂલ ગાંધીનગર સેકટર-૧ ના સહયોગથી યોજાનાર છે. આ સાયકલ મેરેથોન સ્માર્ટ કીડસ નર્સરી સ્કુલ સેકટર-૧થી આરંભાશે અને સ્વર્ણિમ ભવન સુધી યોજાશે. કલીનસીટી, ગ્રીન સીટી ઉપર 'સ્માર્ટ કીડસ સાયકલોથોન' સાયકલ મેરેથોન દ્વારા શહેરને પ્લાસ્ટિક મુકત, કલીન, ગ્રીન બનાવવાનો અનોખો પ્રયાસ છે. આ સાયકલ મેરેથોનનું આયોજન તાઃ૨૭ ફેબ્રુઆરી, રવિવાર, સવારે ૮:૦૦ કલાકે કરવામાં આવેલ છે. આ મેરેથોનની સંપૂર્ણ માહિતી અને રજિસ્ટ્રેશન ફોર્મ આપેલ ગૂગલ લિંક (https://forms.gle/HHuRi7XEQ51GTQjA7) પર ઉપલબ્ધ છે. આ સાયકલ મેરેથોનમાં નગરજનોને જોડાવવા માટે જણાવાયું છે.

## સેલ્ફ ડિફેન્સ કાઉન્સેલિંગ કાર્યક્રમમાં પ્રવિણ વાલેરાનું માર્ગદર્શન



ગાંધીનગર, તા.૨૨

પોલીસ અધિક્ષક, ગાંધીનગર હસ્તકની જીવનઆસ્થા હેલ્પલાઈન દ્વારા એવીવી સ્કૂલમાં સેલ્ફ ડિફેન્સ કાઉન્સેલિંગનો કાર્યક્રમ યોજાયો હતો. તાજેતરમાં સુરત ખાતે એક યુવતીની હત્યાના બનાવ અનુસંધાને આવા બનાવો ન બને તે માટે વિદ્યાર્થીનીઓમાં જાગૃતિ લાવવા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જીવન આસ્થાના લાયઝન ઓફિસર તથા પોલીસ ઈન્સ્પેક્ટર પ્રવીણ વાલેરા, સિનિયર કાઉન્સેલર પ્રિયંકા અડાલજા, જીવન આસ્થા હેલ્પલાઈનના રાહુલ ગઢવી, કાઉન્સેલર અરવિંદભાઈ રાણા વાડાકાઈ કરાટે એનજીઓ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને યોગ્ય માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આજકાલ વિદ્યાર્થીઓનું માનસિક સંતુલન સ્થિર કરવા તથા હતાશા, તનાવ, આત્મહત્યા વગેરે નિવારણ કરવા સંસ્થા દ્વારા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં બાળકોને આવી પરિસ્થિતિમાં બચાવ કઈ રીતે કરવો તે લાઈવ ડેમો આપી શીખવવામાં આવ્યું હતું.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા ૨૭મીએ નિબંધ સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા.૨૨

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ૨૮ ફેબ્રુઆરીનો દિવસ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આ દિવસની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ફેબ્રુઆરી માસમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. દર વર્ષે આ દિવસની ઉજવણી વિવિધ થીમ આધારિત કરવામાં આવે છે. આ વર્ષની ઉજવણીનો વિષય 'integrated approach in Science & Technology for sustainable future' રાખવામાં આવ્યો છે. આ વિષયને અનુલક્ષીને વિવિધ કાર્યક્રમોનું આયોજન સમગ્ર દેશમાં કરવામાં આવશે.

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આ દિવસની ઉજવણીના ભાગ રૂપે નિબંધ સ્પર્ધા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધા નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,બ્લોક નં-૬૧/૧,ઘ-ટાઈપ,સેકટર-૨૩,ગાંધીનગર ખાતે ૨૭/૦૨/૨૦૨૨, સવારે ૦૯:૦૦ થી ૧૧:૦૦, વાગે યોજાશે. ધોરણ-૫ થી ૭ અને ધોરણ- ૮ થી ૧૦ (બંને શ્રેણીઓ) માં ભાગ લઈ શકાશે. સ્પર્ધાનો વિષયઃ ઉજ્વળ અને ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેકનોલોજીના ફાયદા અને ગેરફાયદા રાખવામાં આવ્યો છે. નિબંધ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ભાષા માં ૫૦૦ શબ્દોની મર્યાદામાં લખી શકાશે. પ્રોત્સાહક ઈનામ માં પ્રથમ,-૫૦૦/-,દ્વિતીય-૩૦૦/- તૃતિય-૨૦૦/- (બંને શ્રેણીઓમાં ) તથા તમામ સહભાગીઓને સહભાગિતાનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. નિબંધ લેખન પેપર અહીંથી આપવામાં આવશે. વિદ્યાર્થીએ કંપાસ બોક્સ અને પેડ લાવવાનું રહેશે. વધુ માહિતી અને નોંધણી માટે : ૯૪૨૬૬ ૩૫૨૧૫, ૯૦૯૯૩ ૮૨૯૩૬ પર સંપર્ક કરવા જણાવાયું છે.



સિધ્ધાર્થ લૉ કોલેજમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત વિશ્વ માતૃભાષા દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માતૃભાષાના મહત્વ અંગે માહિતી આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. સોનલ મેવાડા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા.૨૨

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગરની સામાન્ય સભા સે-૧૬ ખાતે યોજાઈ હતી. જેમાં વિદાય લઈ રહેલા પ્રમુખ અને સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના હાલના પ્રમુખ પિનાકીનભાઈ રાવલે તેમના ઉત્તરાધિકારી તરીકે નરેશભાઈ દવેના નામની ભલામણ કરતા ઉપસ્થિત આજીવન સભ્યોએ તેમને સમર્થન આપી નવા પ્રમુખ પસંદ કર્યા હતા. નરેશભાઈ દવે ગાંધીનગરના તમામ ભૂદેવોના સંગઠનથી ૧૯૮૧થી રજિસ્ટર્ડ અને શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગરના નવા પ્રમુખ બન્યા છે. તેઓએ મહામંત્રી તરીકે મુકેશભાઈ શુકલ અને ખજાનચી તરીકે નરેન્દ્રભાઈ વ્યાસની વરણી કરી હતી અને અન્ય હોદ્દેદારોની પણ જાહેરાત કરી હતી. જેમાં ઉપપ્રમુખ તરીકે મુંજાલભાઈ રાવલ, જતીનભાઈ શુકલ, ગૌરાંગભાઈ વ્યાસ, જનકભાઈ રાવલ, પરેશભાઈ દવે, સુમનભાઈ શુકલ, ઉમેશભાઈ ઝા, કેતનભાઈ વ્યાસ, કેતનભાઈ ઉપાધ્યાય, ધનંજયભાઈ યાજ્ઞિક જયારે સહમંત્રી તરીકે મિતુલભાઈ જોષી, બાલકૃષ્ણભાઈ જોષી, મયંકભાઈ ભટ્ટ, મહેશભાઈ પુરોહિત, મેહુલભાઈ દવે અને સંગઠન મંત્રી તરીકે અખિલેશ પુરોહિત, ચંદ્રકાંતભાઈ રાવલ, તપનભાઈ ત્રિવેદી, નિતિનભાઈ ત્રિવેદી, સચિનભાઈ ભટ્ટ, જતીનભાઈ ઠાકર, જયેન્દ્રભાઈ ભટ્ટ, પ્રમોદભાઈ રાવલ, પ્રદીપભાઈ દવેની વરણી થઈ હતી. આ ઉપરાંત લીગલ સેલ માટે કેતનભાઈ વ્યાસ, જીજ્ઞેશભાઈ જોષી, સોશિયલ મીડિયા સેલ માટે કેતનભાઈ ઉપાધ્યાય, પિયુષભાઈ પંડયા, આઈટી સેલ માટે ગૌરાંગભાઈ વ્યાસ, નિગમભાઈ વ્યાસ, વિપુલભાઈ દવે, ત્રિપુન ત્રિવેદી, ઉત્સવ સમિતિમાં રાજુભાઈ ભટ્ટ, ઘનશ્યામભાઈ ત્રિવેદી, શ્રીકાંતભાઈ ત્રિવેદી, રાજેશભાઈ દવે, સતીષભાઈ ભટ્ટનો સમાવેશ કર્યો હતો. મીડિયા સેલમાં જતીનભાઈ શુકલ, વિપુલભાઈ જોષી, મિતુલભાઈ જોષી, વિશાલભાઈ ઉપાધ્યાય, ધનંજયભાઈ જોષી, મિલનભાઈ વ્યાસ, મેહુલભાઈ વ્યાસ, આયોજન સમિતિમાં મહેન્દ્ર વ્યાસ, કમલેશ ઉપાધ્યાય, રાજેન્દ્ર રાજગોરની સર્વાનુમતે વરણી કરી હતી.

## સેફોની ડિપ્લોમા એન્જીનીયરીંગ કોલેજ WINTER-2021 ની પરીક્ષામાં પ્રથમ ક્રમાંકે




ગાંધીનગર, તા.૨૨

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટીની સેમિસ્ટર-૫ ની તાજેતરમા લેવાયેલ WINTER-2021 ની પરીક્ષાના પરિણામોમાં સેફોની ડિપ્લોમા એન્જીનીયરીંગ કોલેજે ગાંધીનગર ઝોન અને ઉત્તર ગુજરાતની કોલેજો માં પ્રથમ ક્રમાંકે આવી જ્વલંત સફળતા મેળવેલ છે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી પ્રિયેશભાઈ, ડિપ્લોમા કોલેજના પ્રિન્સીપાલ પ્રોફેસર એમ. એ. પટેલ,, મેનેજમેન્ટ ના સભ્ય કુશલભાઈ, ગુલાબભાઈ અને પ્રાધ્યાપકો એ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. ગુપ્તે મીનાબેન પ્રફુલચંદ્ર, ઉ.વ. ૮૭, સેકટર-૨૩
- સ્વ. જાદવ ભરત કુસાભાઈ, ઉ.વ. ૬૧, સેકટર-૨૪
- સ્વ. વણકર વાલીબેન રણછોડભાઈ, ઉ.વ. ૬૮, સેકટર-૧૪
- સ્વ. વાઘરી શાન્તાબેન પથુભાઈ, ઉ.વ. ૬૦, સે-૧૩, છાપરાં
- સ્વ. ચૌહાણ અશોકભાઈ રસીકભાઈ, ઉ.વ. ૬૩, ડભોડા

● રૂદ્રભૂમિ ●

- સ્વ. ભટ્ટ ભકિતપ્રસાદ પ્રભાશંકર, ઉ.વ. ૮૧, કુડાસણ
- સ્વ. ઘળસાસી અરૂણ વાસુદેવ, ઉ.વ. ૮૨, કુડાસણ
- સ્વ. ભટ્ટાચાર્ય નિલીમા, ઉ.વ. ૭૮, અડાલજ